ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**કે યુ ચાવડા**
પ્રમુખ, જય ભીમ સેવા ટ્રસ્ટ
મો. ૯૪૨૯૬ ૩૩૧૧૩



**પ્રતીમાબેન ત્રિવેદી**
લાયોનેસ ક્લબ



**ભવ્ય રિતેષ સુખડીયા**

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૧**
બાગી - ૨
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન - ૩**
હીચકી
૧.૦૦
રેવા (ગુજરાતી)
૩.૪૫
બ્લેક મેઈલ
૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન - ૪**
બ્લેક મેઈલ
૧૨.૩૦
રેઈડ
૩.૧૫, ૧૦.૦૦
મિસિંગ
૫.૩૦, ૭.૪૫

**સ્ક્રીન - ૫**
બાગી-૨
૧૨.૪૫
બ્લેક મેઈલ
૩.૩૦

# ઍમ બી પટેલ અંગ્રેજી સ્કૂલની 'યંગ શૅફ' રાષ્ટ્રકક્ષાએ પહોંચી



ગાંધીનગર, તા. ૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળામાં અભ્યાસ કરતી ધોરણ-૧૧ સાયન્સની વિદ્યાર્થિની સિમરન કૌશિક ઉપાધ્યાયે આઈઆઈઍચઍમ, અમદાવાદ દ્વારા યોજાયેલી યંગ શૅફ ૨૦૧૮ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જિલ્લાકક્ષા બાદ ઝોનલ કક્ષાએ ૬૦ જેટલા સ્પર્ધકો પૈકી ૧૦ વિદ્યાર્થીઓને આ સ્પર્ધા માટે પસંદ કરવામાં આવ્યા હતા, જેમાં સિમરને પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. આ સફળતા બાદ હવે સિમરન રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પણ શાળાનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહી છે.

શાળા પરિવારે સિમરનની આ સિદ્ધિ બદલ ગૌરવની લાગણી પ્રગટ કરી તેનો અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે. સિમરનનાં માર્ગદર્શક સુપર્ણા મુખર્જી, ઈન-ચાર્જ શિક્ષક શિલ્પા ઠક્કર અને સાધના ક્ષત્રિયને પણ સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સિમરનની આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

### વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યત્નશીલ પ્રેરણા વિદ્યાલય દ્વારા

# કલા શિબિર અને બાળ શિબિરનું આયોજન

## ૧૫થી ૨૫ એપ્રિલ દરમિયાન કલા તાલીમ શિબિર અને ૯થી ૨૦ એપ્રિલ દરમિયાન બાળ શિબિર

ગાંધીનગર, તા. ૭
વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ દ્વારા આગામી તા. ૧૫ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમ્યાન કલા તાલીમ શિબિર અને ૯થી ૨૦ એપ્રિલ દરમિયાન બાળ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સર્જનશીલ બાળકો-યુવાનો વૅકેશનના સમયનો સદુપયોગ કરી શકે અને પોતાની પસંદગીની કલાની વ્યવસ્થિત તાલીમ મેળવી કલાભિમુખ બની શકે તે હેતુથી નગરના રજિ. ચેરીટેબલ ટ્રસ્ટ જી ઈ ક્લબ દ્વારા વર્ષ ૧૯૯૯થી કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં પ્રતિ વર્ષ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ભાગ લે છે. છેલ્લાં ત્રણ વર્ષથી પ્રેરણા વિદ્યાલય પણ આ સર્જનશીલ અભિગમમાં જોડાઈ છે અને ગત ત્રણેય વર્ષે બંને સંસ્થાઓએ સાથે મળીનો સફળતાપૂર્વક કલા તાલીમ શિબિરનું આયોજન કર્યું હતું. આ વખતે પણ એ જ રીતે કલા તાલીમ શિબિરનું આયોજન બંને સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં શહેરમાં અને શહેર બહાર વસતાં તમામ બાળકો ભાગ લઈ શકે છે. શિબિર બાદ તાલીમાર્થીઓને સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

તા. ૧૫ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમ્યાન સવારના સમયે આ શિબિર અંતર્ગત તાલીમનું આયોજન કરાયું છે, જેમાં ડ્રોઈંગ, મહેંદી, કથ્થક, વેસ્ટર્ન ડાન્સ, લોક નૃત્ય, કરાટે, નાટક, વ્યક્તિત્વ વિકાસ ઉપરાંત કૉમ્પ્યુટરની તાલીમ આપવામાં આવશે. સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનાર તાલીમાર્થીને સંસ્થા તરફથી પ્રમાણપત્ર તથા સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે. ઓછામાં આછા ૮ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની વયનાં બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે.

આ ઉપરાંત ૩ વર્ષથી ૫ વર્ષની વય ધરાવતાં બાળકો માટે બાળ શિબિરનું આયોજન પણ પ્રેરણા વિદ્યાલય ખાતે ૯થી ૨૦ એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું છે.

શિબિરમાં પ્રવેશ મેળવવા હેતુ સવારે ૮થી ૧૧ દરમ્યાન પ્રેરણા વિદ્યાલ, સેક્ટર-૫ એ (ફોન નંબર ૨૩૨૪૬૦૦૭ અથવા મોબાઈલ નં. ૯૪૨૬૩ ૫૯૫૨૨) ખાતેથી ફોર્મ મેળવી ભરી દેવા તેમના દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# આજે નગરના આંબેડકર હૉલમાં વડીલ વંદના કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૭
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ટીમ દ્વારા વડીલ વંદના કાર્યક્રમનું આયોજન રવિવારે કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સર્વ નેતૃત્વ ટીમના તન્મય પટેલ-રાહુલ સુખડિયા દ્વારા જણાવવામાં આવ્યું છે કે વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરવા તેમજ આપણી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા, તે માર્ગે આગળ વધવા માટે ટીમ દ્વારા નિયમિત રીતે વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે, જેમાં સફળ વક્તા દ્વારા 'મા-બાપને ભૂલશો નહીં' વિષયક અને ભારતીય સંસ્કૃતિ-રિવાજ મુજબ વક્તવ્ય આપવામાં આવે છે. આવા અનેક સફળ કાર્યક્રમો ટીમ દ્વારા આયોજિત કરવામાં આવ્યા છે અને મોટી સંખ્યામાં નાગરિકો દ્વારા તેનો લાભ લેવામાં આવ્યો છે.

આ જ ક્રમમાં રવિવાર, તા. ૭ એપ્રિલના રોજ સવારે ૮થી ૧૨ દરમિયાન ડૉ. આંબેડકર હૉલ ખાતે વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સફળ વક્તા દ્વારા વક્તવ્ય ઉપરાંત કુંતલ નિમાવત ગૃપ - જી ઈ ક્લબ દ્વારા નાટક 'માત-પિતાને વંદન'નું મંચન કરવામાં આવશે. આ કાર્યક્રમ માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી, કાર્યક્રમ સૌ કોઈ માટે ખુલ્લો છે. માત-પિતાના આદર, ભારતીય સંસ્કૃતિ અને મનોરંજનના ક્ષેત્રમાં રસ ધરાવતા સૌ કોઈ નગરજનોને આ કાર્યક્રમ માણવા માટે ટીમ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# ચૌધરી કૉમર્સ કૉલેજ ખાતે ફૅરવેલ પાર્ટી



ગાંધીનગર, તા. ૭
અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજમાં તાજેતરમાં તૃતિય વર્ષ બીકૉમની વિદ્યાર્થીનીઓ માટે 'ફૅરવૅલ પાર્ટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૧૫માં ચાલુ થયેલી આ કૉલેજની પ્રથમ બૅચની ૭૨ વિદ્યાર્થીનીઓ કૉલેજના પ્રથમ વર્ષ અને દ્વિતિય વર્ષની ૪૦૦થી વધુ વિદ્યાર્થિનીઓ દ્વારા સફળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી. સાથે જ મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, મંત્રી માધુભાઈ ચૌધરી અને અન્ય ટ્રસ્ટીગણ દ્વારા વિદ્યાર્થિનીઓ દ્વારા આશીર્વચન સાથે તેમની ત્રણ વર્ષની સફરની પ્રશંસા કરી સુંદર ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

દ્વિતિય વર્ષની વિદ્યાર્થિનીઓ દ્વારા તેમની કૉલેજની સ્મૃતિઓને વાગોળવામાં આવી હતી. જુનિયર વિદ્યાર્થિનીઓને અભ્યાસ અને જીવન બાબતે આ વિદ્યાર્થિનીઓ દ્વારા અભિપ્રેરણ પણ પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનિઓની વિદાય વેળાએ કૉલેજ પરિસરમાં લાગણીસભર દશ્યો સર્જાયાં હતાં. વિદ્યાર્થિનીઓ-વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થિનીઓ-અધ્યાપકોએ પરસ્પર લાગણી છલકાવી શુભેચ્છાઓ અને વહાલ વરસાવ્યું હતું.

# ગુજરાતી ભાષાને મજબૂત બનાવવા બીજી ભાષાના શબ્દોને અપનાવીએ

ગાંધીનગર, તા. ૭
હાલ ગુજરાતી ભાષાને મજબૂત બનાવવા માટેની ચર્ચાઓ ચાલે છે ત્યારે ગુજરાતીના મહત્ત્વ વિશેની એક હકીકત ગાંધીનગર સમાચારના વાચક હિંમતભાઈ શાહ દ્વારા ઉજાગર કરવામાં આવી છે.

એક પત્રમાં હિંમતભાઈએ જણાવ્યું છે કે તમામ ગુજરાતીઓ ગુજરાતી ભાષામાં વાતચીત કરે, ઘરમાં કે ઑફિસમાં જરૂર લાગે ત્યાં અંગ્રેજી-હિન્દી ભાષામાં વાત કરે તો વાંધો નહીં, પરંતુ ગુજરાતી સાહિત્ય પરિષદ કે ગુજરાત સરકારનો ભાષા વિભાગ રોજના નવા પાંચ શબ્દો ઉમેરે, જેમાં શબ્દોની નોંધ, અર્થ પણ હોય તે જરૂરી છે. આવા શબ્દો વિશ્વની જુદી-જુદી ભાષાના શબ્દો હોવા જોઈએ, જેમાં રશિયન, ફ્રેન્ચ, જર્મન, અંગ્રેજી, ચાઈનીઝ, જાપાનીઝ ભાષાનો સમાવેશ થવો જોઈએ. બ્રિટનની ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ પ્રતિ વર્ષ પોતાની ડિક્શનરીમાં નવા શબ્દો ઉમેરે છે, જે વિશ્વની ભાષાઓમાંથી લેવામાં આવ્યા હોય છે. ગુજરાતી ભાષામાંથી પણ બાપુ, જંગલ, જવાન જેવા શબ્દોનો સ્વીકાર આ ડિક્શનરીમાં થયો છે. આ ક્રમ આપણે પણ આપણી ભાષા માટે અપનાવવા જેવો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તમામ અખબારોને, લોકોને નવા શબ્દોના અર્થ સાથે તેની નોંધ આપે તે જરૂરી છે. આમ કરવાથી માતૃભાષા વધારે મજબૂત બનશે, એવો અભિપ્રાય તેમણે વ્યક્ત કર્યો છે.

# જ્યાં સત્ય, પ્રેમ, કરુણા છે ત્યાં કદી હલ્લો થતો નથી

ગાંધીનગર, તા. ૭
સાવરકુંડલાનાં ફિફાદ ગામે જાણીતા કથાકાર, પૂ.મોરારિ બાપુ ધંતરશાહ વલી (રહે.)ના ઉર્સ મુબારક તથા જશ્ને સમૂહ શાદીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં અને સૌને નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. મોરારિ બાપુએ જણાવ્યું હતું કે મારા ગામ, ગુજરાતમાં આ પ્રકારનો એકતાનો માહોલ રહેશે તો મને અહીંથી મદિના દેખાય છે. આ એક સારો નૂરાની દશ્ય છે. જ્યાં સત્ય, પ્રેમ, કરુણા છે ત્યાં કદી હલ્લો થતો નથી. ફિફાદમાં કદી ફસાદ નહીં થાય, પરંતુ આ ગામનો એક માત્રનો સંદેશ એ જ છે, આ દશ્યથી દેશભરમાં ક્યાંય વિવાદ-ફસાદ નહીં થાય.

આ અંગે વધુ વિગતો આપતાં જયદેવભાઈ માંકડે જણાવ્યું કે આ ઉર્સ મુબારક અને સમૂહ શાદી પ્રસંગે પૂ.મોરારિ બાપુએ જણાવ્યું હતું કે આજે ફિફાદ ગામે એક પવિત્ર દરગાહની દુઆની છાયામાં, પવિત્ર ઉર્સના સમયે મુસ્લિમ સમાજનાં ૫૭ દંપતીઓ લગ્નગ્રંથિથી જોડાયા છે, એવા મંગલ પ્રસંગે આદરણીય સરળમૂર્તિ દાદા બાપુને મારા સલામ. તમારી સાદગીને, સહજતાને સલામ અને બધા જ મૌલાના, કમિટીના બધા જ સદસ્યો તથા ૫૭ દંપતીઓને શુભકામના.

# અંગદાન માણસના શ્રેષ્ઠ માનવીય ગુણને ઉજાગર કરે છે

## દેશમાં દર વર્ષે દાન માટે ૨.૫ લાખથી વધુ કિડની, હૃદય અને યકૃતની જરૂર છે, ૧૨૫ કરોડ લોકોના દેશમાં માત્ર ૫૦૦૦ ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે : વડાપ્રધાન

૭મી એપ્રિલને વિશ્વ આરોગ્ય દિવસ તરીકે દુનિયાએ ઉજવ્યો એ પ્રસંગે ગાંધીનગરના બે વિદ્યાર્થીઓ, અધ્યાપકોએ અંગદાન ઉપરાંત સ્વસ્થ જીવન અંગે કરેલા સ્તુત્ય પ્રયાસોની વાત પ્રસ્તુત છે.

૨૫ મી ઓક્ટોબર ૨૦૧૫ ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રેડિયો આકાશવાણી દિલ્હીથી પ્રસારીત થતા કાર્યક્રમ "મન કી બાત"માં આપણા દેશમાં અંગદાનની આવશ્યકતાની જરૂર છે. મને લાગે છે કે આ વિષય ખૂબ મહત્વપૂર્ણ છે. ચર્ચાઓ થવી જોઈએ. કામ થવું જોઈએ. દેશમાં દર વર્ષે દાન માટે ૨.૫ લાખથી વધુ કિડની, હૃદય અને યકૃતની જરૂર છે. જો કે ૧૨૫ કરોડ લોકો સાથેના દેશમાં; માત્ર ૫૦૦૦ ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે. દર વર્ષે લગભગ એક લાખ આંખોને દ્રષ્ટિની જરૂર છે. અને અમે માત્ર ૨૫,૦૦૦ લોકો સુધી પહોંચવા માટે સક્ષમ છીએ જેમને તેની જરૂર છે. તેનો અર્થ એ છે કે ચાર જરૂરિયાતમંદ વ્યક્તિઓમાંથી માત્ર એકને આંખ ટ્રાન્સપ્લાન્ટ સેવાઓ પૂરી પાડવા સક્ષમ છીએ."

જેની ખાસ નોંધ લઈને "કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા યુનિવર્સિટીમાં આ અંગે જાગૃતિ લાવવા માટે હેલ્ધી કેમ્પસના નામે પ્રોજેકટની શરૂઆત સપ્ટેમ્બર ૨૦૧૭થી શરૂ કર્યો. પ્રથમ આયોજિત કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, "જો એક વ્યક્તિ અંગ દાન કરે તો ઓછામાં ઓછા ૯ જીવન બચાવી શકે છે, પણ વાસ્તવિકતા એ છે કે સમાજમાં લોકો આ વિષય ઓછા જાગૃતિ છે".

યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ હેલ્ધી કેમ્પસ નામક પ્રોજેકટમાં સક્રિય અને ખૂબ સરસ કામગીરી કરતાં 'કે. બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (K.B.I.P.E.R.)માં ફાર્મ.ડી (ડોક્ટર ઓફ ફાર્મસી) ભણતા બે વિદ્યાર્થીઓ રોનક અરવિંદકુમાર કડીયા અને સંકેત હસમુખભાઈ પટેલે તંદુરસ્ત અને સ્વસ્થ જીવન, તાણ મુક્ત જીવન જીવવા માટે જાગૃત કરવા, યુવાનોને ધુમ્રપાન, બીડી, તમાકુ, ડ્રગ, નશીલા (માદક) પદાર્થોના દુરુપયોગ વિશે જાગૃત કરવા, ભારતમાં અંગદાનની આવશ્યકતાના વિષય પર જાગૃત કરવા, સોશિયલ નેટર્વકિંગ સાઈટ્સના ફાયદા અને ગેરફાયદા ઉપરાંત એકાગ્રતા ઉન્નતીકરણ, વ્યક્તિત્વ વિકાસ, જીવન ઘડતર વગેરે કાર્યક્રમો કડી કેમ્પસની કોલેજો સાથે અને ગાંધીનગર જિલ્લાની આજુબાજુની કોલેજા સાથે પણ કર્યા છે.

પ્રોજેક્ટ અંતરગત વિવિધ કાર્યક્રમનું આયોજન "કડી સર્વ વિશ્વવિદ્યાલય", "સર્વ નેતૃત્વ", "રાષ્ટ્રીય સેવા યોજના", "નાર્કોટિક નિયંત્રણ બ્યુરો (અમદાવાદ)", "શતાયુ" અને "ગીફ્ટીંગ લાઈફ ફાઉન્ડેશન" સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટના વિવિધ ઉદ્દેશોના સંદર્ભમાં કુલ ૧૫ કાર્યક્રમનું આયોજન કરીને ૩૭૦૫ જાગૃત કરવામાં આવ્યા હતા. દરેક ઉદ્દેશની વિવિધ રમતોએ વિદ્યાર્થીઓ મિત્રોનો આ કાર્યક્રમાં રસ વધાર્યો હતો.

આ કાર્યક્રમો માટે હરી ઓમ ગાંધી (ઝોનલ ડિરેક્ટર, અમદાવાદ ઝોનલ યુનિટ,નાર્કોટિક નિયંત્રણ બ્યુરો, ભાવના છાબરીયા,





સી.ઈ.ઓ.,શતાયુ, અમદાવાદ, મૌલિક શાહ, પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, શતાયુ, અમદાવાદ, ડિમ્પલ ભોજવાણી, ઝુમ્બા અને પાઈલોકિંસગ ટ્રેનર, ગુજરાત, રોનક કડીયા, ફાર્મ.ડી. (ડોક્ટર ઓફ ફાર્મસી) વિદ્યાર્થી, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સંકેત પટેલ, ફાર્મ.ડી. (ડોક્ટર ઓફ ફાર્મસી) વિદ્યાર્થી, કડી સર્વ વિશ્વવિદ્યાલય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રોજેક્ટના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જેના ભાગ રૂપે, તે પરિણામ આવ્યું છે કે :

- ૬૭.૨૫ % લોકોએ આવો કાર્યક્રમ પ્રથમ વખત જોયો છે.
- ૬૬.૫૭ % લોકોએ જણાવ્યું કે જો ધુમ્રપાન, બીડી, તમાકુનો, ડ્રગના/ નશીલી (માદક) વગેરે આવા પદાર્થોનું સેવન એક વાર કરવાથી પણ લત લાગી જાયે છે. ૮૪.૦૮ % લોકો કહે છે કે જો એક વાર આવા પદાર્થોનું સેવનની લત લાગી જાયે તો તેન છોડવામાં ખુબ તકલીફ પડે છે. એટલા માટે ૭૩.૮૯ % લોકોએ જણાવ્યું કે વાર-તહેવાર પણ આવા પદાર્થોનું સેવન ન કરવું જોઈએ.
- ચોંકાવનારી વાત એ છે ફક્ત ૩૯.૫૫% લોકો ને ખબર છે કે ૨૬મી જૂનને માદક પદાર્થોના દુરૂપયોગ અને ગેરકાયદેસર વેપાર સામે આંતરરાષ્ટ્રીય દિવસ "International day against drug abuse and illicit trafficking" તરીકે ઉજવવામાં આવે છે. જેથી આ વિષય પર જાગરૂકતા વધારવા માટે ૮૯.૬૬ % લોકોએ જણાવ્યું કે આ વિષય શૈક્ષણિક અભ્યાસક્રમ વધુ સારી રીતે ઉમેરવાની જરૂર છે અને વધુ માહિતી આપતા ૮૯.૬૬ % લોકોએ જણાવ્યું કે કોલેજો અને શાળાઓમાં આ વિષય પર સતત કામગીરી થાય એટલે વિદ્યાર્થીઓની સમિતિ પણ રચવી જોઈયે. ૬૦.૯૮ % લોકોએ જણાવ્યું કે કોલેજો અને શાળાઓ ના આજુ બાજુ કે નજીકમાં આવા પદાર્થોનું ન થવું જોઈએ.
- માદક / નશીલા પદાર્થ મુક્ત ભારત (Drug Free India) બનાવવા માટે ૯૫.૦૨ % લોકો ઈચ્છા ધરાવે છે અને તેના માટે કામ તત્પર છે.
- અંગદાન બાબતે જાણકારી મેળવનાર ૯૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રથમ વખત આવા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મગજનું મૃત્યુ શું છે, અને કોમા વચ્ચેનો તફાવત શું છે તેની પણ જાણકારી મેળવી હતી.

સમગ્ર વિશ્વમાં બ્લડ પ્રેશર (બી.પી.), ડાયાબિટીસ, કોલેસ્ટેરોલ વગેરે નો મૃત્યુ દર ધૂમ્રપાન, બીડી, તમાકુનો, નશીલી (માદક) પદાર્થોનો દુરુપયોગ અથવા સેવન કરનારા લોકોના મૃત્યુ દર કરતા વધારે છે. આ પ્રોજેક્ટને સફળ બનાવવામાં ડો. ધર્મેન્દ્ર પટેલ, ડો. રણછોડ રથવી સહિત કડી સર્વ વિદ્યાલય સંચાલિત તમામ કોલેજ અને શાળાઓ આચાર્ય અને અધ્યાપકો પણ અથાગ પ્રયાસ કરી રહ્યાં છે.

આ વિદ્યાર્થીઓએ ગાંધીનગર જિલ્લા તથા અમદાવાદ જિલ્લાની વિવિધ કોલેજો સહિતી સાબરમતી જેલના કેદીઓ સાથે પણ અંગદાન અને સ્વાસ્થ્ય અંગેના સેમિનાર કરેલ છે.

**અંગદાન વિશે :**

ધર્મ આધારીત કહેવાય છે કે, અન્નદાન, વસ્ત્રદાન, શ્રમદાન, ગૃહદાન, ભૂમિદાન, વિદ્યાદાન, રક્તદાન, દેહદાન વગેરે દાનનો મહિમા વર્ષોથી ગવાય છે. ધર્મના કે પુણ્યપ્રાપ્તિ માટે આજે પણ કરવામાં આવે છે. આ સાથે જો અંગદાન વિષે પણ સમાજમાં જાગૃતિ આવે એ ખૂબ જ જરૂરી છે. કહેવાય છે કે, દેવ-દાનવ યુદ્ધની પરાકાષ્ઠામાં દાનવો કોઈ રીતે મચક નહોતા આપતા ત્યારે એમને નિર્ણાયક પરાજય આપે એવાં શસ્ત્રો બનાવવા પોતાનાં હાડકાંનું હસતા મોઢે અને સામે ચાલીને દાન કરનારા મહર્ષિ દધિચી અંગદાનના સંભવતઃ પ્રથમ અને નિશ્ચિતપણે સર્વોત્કૃષ્ટ ઉદ્ગાતા-મશાલચી હતા. આ પૌરાણિક ઘટના છે. પરંતુ આજે વિજ્ઞાને માનવીને શારીરિક-માનસિક વ્યાધિમાંથી રાહત અપાવી છે. ત્યારે અંગદાનને પણ માનવના શ્રેષ્ઠ દાન ગણીને તેની જાગૃતિ ફેલાવાનું કામ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આવા પીડિત દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનો શ્રેષ્ઠ માર્ગ અંગદાન છે. અંગદાન માણસના શ્રેષ્ઠ, માનવીય ગુણને ઉજાગર કરે છે, સમાજમાં એનો પ્રસાર આજે ખૂબ જ જરૂરીછે. અંગદાન કરનારી વ્યક્તિ બીજાની સેવા કરવાની પોતાની ભાવના પોતાના મૃત્યુ પછી જીવંત રાખવાની ઈચ્છા ધરાવે છે એનું પ્રમાણ છે. કરુણાનું એ શ્રેષ્ઠ સ્વરૂપ છે. અંગદાનમાં દાતા કંઈ જ ગુમાવતો નથી, પરંતુ એ અન્યને હીરા-સોનું કે બીજી કોઈ પણ ભૌતિક ચીજ કરતાં વધુ મૂલ્યવાન એવું કંઈક આપે છે. એક નવજીવન આપે છે.

**કીડની**

ટ્રાન્સપ્લાન્ટમાં ઉદાસીનતા જોવા મળે છે. બીજા કેટલાય હૃદય, ફેફસાં, યકૃત કે બીજાં મહત્ત્વનાં અંગો ખરાબ થઈ ગયાં હોવાથી એ બદલાય એની રાહ જોતા હોય છે. આજે ભારતમાં જ અંગે મેળવવા માટે ૧.૧૬ હજાર દર્દીઓની લાંબી લીસ્ટ છે. જેની સામે વર્ષે ૨૬૦ જેટલા અંગદાન કરનારા પણ મળતા નથી. અંગો નકામાં થઈ જાય એવા દર્દીઓને લાચારીભરી રાહ જોવા સિવાય કોઈ વિકલ્પ નથી રહેતો.

- એન.ડી. ટીવીના મોર ટુ ગીવના અંતર્ગત આજે ભારતનો આંક ૨.૨૦ હજાર કિડની મેળવનાર દર્દીઓની લીસ્ટ છે. જેમાં જીવન મેળવનાર દર્દીઓ ૧૫૦૦૦ જેટલા છે.
- એક લાખ લીવરના દર્દીઓ છે જેની સામે ૧૦૦૦ જેટલા જ પ્રાપ્ત થઈ શકે છે.
- ૧૦ લાખ કોર્નિયા અને ૫૦ હજાર હૃદય, ૨૦ હજાર લોકો ફેફસાંના ટ્રાન્સપ્લાન્ટ માટે રાહ જોતાં દર્દીઓ છે.
- અંગદાનની ટકાવારી ખૂબ જ ઓછી છે ઘણી વખત અંગદાતાઓ દાન કરવા ઈચ્છતા હોય છે સશક્ત હોતા નથી.
- આ માટે હેલ્ધી કેમ્પસ દ્વારા અંગદાતાઓને સ્વસ્થ રહેવાની ટીમ્પસ પણ આપવામાં આવે છે.

ટ્રાન્સપ્લાન્ટ માટે અથવા અંગ મેળવવા માટે દર્દીએ ચારથી છ વર્ષની રાહ જોવી પડે છે. જે એક જટીલ પ્રક્રિયામાંથી દર્દીએ પસાર થવાનું હોય છે. વધુમાં તેની ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ ખૂબ જ જટીલ છે.

**ધુમ્રપાન**

આજનો બહુધા યુવાવર્ગ એવી માન્યતા ધરાવે છે કે જીવન જીવવાના તમામ શોખ એકવાર ફરજીયાત થવા જોઈએ ભલે ને એ પછી સીગાર હોય કે હૂકો, મસાલો હોય કે પાન, દારૂ હોય કે વિવિધ નસીલા પદાર્થો વગેરેને એક વાર ચાખવા જ જોઈએ.

ચાખ્યા પછી તે વાર તહેવાર અને લતમાં કયારે પરીણમે છે તેને પોતાને ખ્યાલ રહેતો નથી. આ વ્યસનથી લીવર ફેલ થવું, આંતરડામાં ચાંદા પડવા, શરીરમાં વિવિધ પ્રકારનાકેન્સરને આમંત્રિત કરતા રોગોનો ભોગ બનતાં હોય છે.

**- મીતેષ મોદી, પત્રકારત્વ વિભાગ, કેએસવી**